RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 167 * Date: 07.04.2025,Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# રામ નવમી પર ઝગમગી ઉઠી રામનગરી: અયોધ્યામાં ૨ લાખ દીવડાઓ પ્રગટાવાયા



રામ નવમી નિમિત્તે દેશ વિદેશમાં રામજન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. રવિવારે (૬ એપ્રિલ) વહેલી સવારથી જ રામ મંદિર પરિસરમાં વિવિધ કાર્યક્રમ જોવા મળ્યા હતા. બપોરે ૧૨ વાગ્યે રામલલાના મસ્તક પર સૂર્યતિલક કરવામાં આવ્યું હતું. આ અવરસના સાક્ષી બનવા માટે દેશ-વિદેશના શ્રદ્ધાળુઓ રામનગરી પહોંચ્યા હતાં. અહીં આવનારા ભક્તો પર ડ્રોન દ્વારા સરયૂના પવિત્ર જળનો વરસાદ કરવામાં આવ્યો હતો. આ સાથે અયોધ્યા નગરમાં ૨ લાખ દિવડા પ્રગટાવવામાં આવ્યા છે, જે બાદ સમગ્ર નગરી ઝગમગી ઉઠી હતી.

રામ નવમી પર સૂર્ય તિલક કર્યા પછી સાંજે અયોધ્યા શહેર દીવાઓથી ઝળહળી ઉઠ્યું. રવિવારે સાંજે સરયુ નદીના કિનારે બે લાખ દીવા પ્રગટાવવામાં આવ્યા હતા. અયોધ્યા નગરીનો નજારો જોઈને એવું લાગતું હતું કે, જાણે રામ નગરીમાં ભક્તિનો રસ હવામાં ભળી ગયો હોય. મંદિરમાં શંખનાદ કરવામાં આવ્યો હતો. રામ નવમીના અવસર પર અયોધ્યાને એવી રીતે શણગારવામાં આવ્યું હતું કે, જાણે આખું શહેર ભગવાન રામ મય બની ગયું હતું.

ઉલ્લેખનીય છે કે, રામ નવમી પર ભગવાન શ્રીરામ લલ્લાની જન્મજયંતિ અયોધ્યામાં ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવી હતી. બપોરે ૧૨.૦૦ વાગ્યે રામ જન્મોત્સવની સાથે સૂર્ય અભિષેક સાથે ભગવાન રામની સ્તુતિના મંત્રોચ્ચાર કરવામાં આવ્યા છે. અયોધ્યા સહિત સમગ્ર વિશ્વભરમાં ગગનભેદી જયઘોષ ગુંજી ઉઠ્યા. જે લોકો અયોધ્યા નથી પહોંચી શક્યા તેઓ પોતાના સ્થળે શ્રી રામલલાના મસ્તકાભિષેકનું લાઈવ પ્રસારણ જોઈને ધન્ય બન્યા હતા.

મંદિરના ઉપરના ભાગ પર લાગેલા દર્પણ પર સૂર્યની કિરણો પડી ને ત્યાંથી પરાવર્તિત થઈને પિત્તળની પાઈપમાં પહોંચી. પાઈપમાં લગાવવામાં આવેલા દર્પણથી અથડાઈને કિરણ ૯૦ ડિગ્રી કાટકોણમાં બદલાઈ ગઈ. લાંબી પિત્તળની પાઈપમાં લાગેલા ત્રણ લેન્સથી કિરણો આગળ વધતા ગર્ભગૃહમાં લાગેલા દર્પણ સાથે અથડાઈ.

## ડ્રાઈવરે કાબૂ ગુમાવતાં પોરબંદરથી જૂનાગઢ જતી બસ પલટી, ૨ની હાલત ગંભીર

ગુજરાતમાં રવિવારે (૬ એપ્રિલ) મોટો અકસ્માત સર્જાયો છે. પોરબંદરથી જૂનાગઢ તરફ જતી ખાનગી બસ ડ્રાઈવરે કાબૂ ગુમાવતા બસ પલટી મારી ગઈ હતી. બસમાં સવાર ૨૦ મુસાફરો ઈજાગ્રસ્ત થયા છે અને ૨ મુસાફરોની સ્થિતિ ગંભીર છે. ઈજાગ્રસ્તોને તાત્કાલિક ધોરણે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ રવિવારે પોરબંદરથી જૂનાગઢ જતી બસ અચાનક પલટી મારી ગઈ હતી. બસમાં સવાર મુસાફરોમાંથી ૨૦ જેટલાં મુસાફરો ઈજાગ્રસ્ત થયા હતાં. ઘટનાની જાણ થતાં તુરંત જ એમ્બ્યુલન્સ અને પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. તમામ ઈજાગ્રસ્તોને હાલ નજીકની કુતિયાણાની સરકારી હોસ્પિટલમમાં દાખલ કરવામાં આવ્યા છે. બે વ્યક્તિ જેની સ્થિત ગંભીર છે તેમને ભાવસિંહજી હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

## મોડાસામાં ભાજપના સ્થાપના દિવસની ધામધૂમથી ઉજવણી:મંત્રી ભીખુસિંહ પરમારની આગેવાનીમાં ભવ્ય રેલી

અરવલ્લી જિલ્લાના મોડાસામાં ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી. રાજ્ય સરકારના મંત્રી ભીખુસિંહ પરમારની વિશેષ ઉપસ્થિતિમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લા ભાજપ કાર્યાલય શ્રીકમલમ ખાતે કાર્યકરો એકત્રિત થયા હતા. ત્યાંથી મોડાસા ચાર રસ્તા સુધી ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ ભીખુસિંહ ઠાકોર, પૂર્વ જિલ્લા પ્રમુખ રાજુ પટેલ, મોડાસા પાલિકા પ્રમુખ સહિત સંગઠનના તમામ હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં



જોડાયા હતા.કાર્યકરોએ હાથમાં ભાજપનો ધ્વજ લઈને રેલી યોજી હતી. રેલી દરમિયાન પંડિત દીનદયાળ ઉપાધ્યાયની પ્રતિમાને પુષ્પમાલા અર્પણ કરી પુષ્પાંજલિ અર્પિત કરવામાં આવી હતી. આ પ્રસંગે મંત્રી ભીખુસિંહ પરમાર અને અન્ય નેતાઓએ સર્વે કાર્યકરોને ભાજપના સ્થાપના દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી.આ કાર્યક્રમ દ્વારા પક્ષના સંગઠનને વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. રાજકીય પક્ષો દ્વારા તેમના સ્થાપના દિવસની ઉજવણી કરવાની પરંપરા છે, જે સંગઠનને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

## મોડાસા-ધનસુરા બાયપાસ પર ઈલેક્ટ્રોનિક વેસ્ટ ભરેલી ટ્રકમાં આગ

મોડાસા-ધનસુરા બાયપાસ રોડ પર ગંભીર અકસ્માત ટળ્યો છે. ઈલેક્ટ્રોનિક વેસ્ટ ભરેલી એક ટ્રકમાં અચાનક આગ લાગી હતી. ટ્રકના પાછળના ભાગમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા જ ડ્રાઈવરે સમયસૂચકતા વાપરી હતી.ડ્રાઈવરે તરત જ ટ્રકને રોડની સાઈડમાં ઊભી રાખ્યો હતો. ડ્રાઈવર અને ક્લીનર બંને તાત્કાલિક વાહનમાંથી નીચે ઊતરી ગયા હતા. આસપાસના લોકો પણ મદદ માટે દોડી આવ્યા હતા.ઘટનાની જાણ થતાં મોડાસા નગરપાલિકા ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર બ્રિગેડે આગ પર કાબૂ મેળવ્યો હતો. જોકે,



આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી.ઉનાળામાં વાહનોનું નિયમિત મેઈન્ટેનન્સ કરાવવું જરૂરી છે. ગરમીને કારણે ટેકનિકલ સમસ્યાઓ સર્જાઈ શકે છે, જે કેટલીક વાર દુર્ઘટનાનું કારણ બને છે. આ ઘટનામાં ડ્રાઈવરની સતર્કતાને કારણે મોટી દુર્ઘટના ટળી હતી.



રાષ્ટ્ર નિર્માણ માટે સમર્પિત અને જનસેવા માટે પ્રતિબદ્ધ ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિવસ નિમિત્તે મેયરશ્રી મીરાબેન પટેલ એ તેમના નિવાસસ્થાને, તેમના મતવિસ્તાર વોર્ડ નં - ૧૦ના કાર્યલય ખાતે, ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર મહાનગરના પ્રમુખ શ્રી રુચિરભાઈ ભટ્ટના નિવાસ સ્થાને તેમજ શ્રી પંકજભાઈ મોદી સાહેબના નિવાસ્થાને સાથી કાઉન્સિલરશ્રીઓ, હોદેદારશ્રીઓ તેમજ કાર્યકર્તાઓ સાથે પક્ષનો ધ્વજ ફરકાવીને વિકસિત ભારત બનાવવાનો સંકલ્પ લીધો હતો તેમજ પાર્ટીના સ્થાપના દિવસની સૌને શુભકામનાઓ પાઠવી હતી.

## ચરાડવામાં રામનવમીની ઉજવણી



રામનવીના પાવન પર્વે ચરાડવામાં વિશ્વ હિન્દુ પરીષદ દ્વારા રામનવમી પર્વની ઉજવણીનું આયોજન કરવામાં આવતા જય શ્રી રામના નાદ સાથે મર્યાદા પુરષોત્તમ ભગવાન શ્રી રામની નિકળેલી શોભાયાત્રામાં મોટી સંખ્યામાં વિહિપના હોદ્દેદારો,કાર્યકરો,સ્થાનિક રામ ભક્તો શોભાયાત્રામાં જોડાઈ રામનવમી પર્વની ઉમંગ અને ઉલ્લાસભેર ઉજવણી કરી હતી.

## મોડાસામાં સાંઈબાબા મંદિરનો ૩૧મો પાટોત્સવ: ઉદયપુરથી મંગાવેલી ૧૦૧ કિલો માવાની કેક સાથે ભવ્ય ઉજવણી

મોડાસા શહેરમાં આવેલા પ્રસિદ્ધ સાંઈબાબા મંદિરનો ૩૧મો પાટોત્સવ આજે ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો. માલપુર રોડ પર ઓધારી તળાવના કિનારે આવેલા આ મંદિરમાં ૩૦ વર્ષ પહેલા સાંઈબાબાની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.આ ખાસ અવસર પર રાજસ્થાનના ઉદયપુરથી ૧૦૧ કિલો માવાની વિશેષ કેક મંગાવવામાં આવી હતી. મોટી સંખ્યામાં ઉપસ્થિત ભક્તોની હાજરીમાં સાંઈબાબાનું સોળ ઉપચાર વડે પૂજન કરવામાં આવ્યું. ભગવાનને સુંદર વસ્ત્રો (વાઘા) પહેરાવવામાં આવ્યા અને મંદિરને વિશેષ રીતે શણગારવામાં આવ્યું.



રામનવમીના પવિત્ર દિવસે યોજાયેલા આ કાર્યક્રમમાં માવાની કેક કાપીને ભગવાનને ધરાવવામાં આવી. ત્યારબાદ આરતી અને સ્તુતિ પાઠ કરવામાં આવ્યા. સાંજે ભજન-કીર્તનનું આયોજન કરવામાં આવ્યું. ઉત્તર ગુજરાતના આ પ્રખ્યાત મંદિરમાં પાટોત્સવની ઉજવણી ભક્તિભાવપૂર્વક સંપન્ન થઈ.

## તંત્રી લેખ.......

# મધના સૌથી મોટા નિકાસકાર ભારતના ઉત્પાદકો સામે નવો પડકાર

અમેરિકામાં મધના સૌથી મોટા નિકાસકાર ભારતના મધ ઉદ્યોગે ટેરિફ વોરનો સામનો કરવાનો વારો આવી શકે છે. ભારતની સરખામણીએ અન્ય દેશો જેમ કે ન્યુઝીલેન્ડ, આર્જેન્ટિના તથા યુનાઈટેડ કિંગ્ડમ (યુકે)ને લાભ થવાની શકયતા જોવાઈ રહી છે. મધના બીજા મોટા નિકાસકાર ચીનને પણ ફટકો પડશે એમ ઉદ્યોગના વર્તુળો જણાવી રહ્યા છે.જો કે અન્ય દેશોની સરખામણીએ ભારતના મધની ગુણવત્તા ઊંચી હોવાથી અમેરિકામાં ભારતના મધની માગ જળવાઈ રહેવાની સ્થાનિક ઉત્પાદકોને અપેક્ષા છે, પરંતુ ટેરિફને કારણે કિંમતમાં તોળાતા વધારાને ધ્યાનમાં રાખતા વેચાણ પર અસર થવાની ચિંતા રહેલી છે.૨૦૨૩ના વર્ષમાં ભારત દ્વારા કુલ ૧૮.૫૦ કરોડ ડોલરના મૂલ્યના કુદરતી મધની નિકાસ કરાઈ હતી તેમાંથી ૧૬.૧૦ કરોડ ડોલરનું મધ એકલા અમેરિકામાં મોકલાયું હતું. ભારતના મધ પર આ અગાઉથી જ અમેરિકામાં ૫.૮૦ ટકા એન્ટી ડમ્પિંગ ડયૂટી વસૂલવામાં આવે છે.

# શહેરા ખાતે નવિન ઓરડાનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો




શહેરા તાલુકાના ધારાસભ્ય શ્રી જેઠાભાઇ ભરવાડ ના હસ્તે શિક્ષણ સમિતિ પંચમહાલ ગોધરા હસ્તક કેન્દ્રવતી કુમાર શાળા શહેરા અને કન્યાશાળા શહેરા ના ૪.૧૫ કરોડના ખર્ચે નવનિર્માણ પામેલ શાળાના મકાન ૩૦ ઓરડાનું લોકાર્પણ શહેરાના ધારાસભ્ય જેઠાભાઇ ભરવાડ ના હસ્તે કરવામાં આવ્યું હતું.આ તબક્કે ધારાસભ્યએ નવિન ઓરડાના લોકાર્પણ પ્રસંગે બાળકોને અભ્યાસ માટે અદ્યતન સુવિધાથી સજ્જ ઓરડાની સુવિધા ઉપલબ્ધ થતાં ખુશી વ્યક્ત કરી અભ્યાસ અર્થે આવતા બાળકોને કાચા રસ્તાને કારણે પડતી તકલીફ દુર થાય તે માટે રૂ.બે લાખની ગ્રાન્ટની ફાળવણી કરતા આ તબક્કે ઉપસ્થિત સૌ શિક્ષક સ્ટાફ ભાઈ,બહેનો અને સ્થાનિકો ધારાસભ્યનો આભાર માન્યો હતો.

# ભડીયાદરમાં રામનવમી પર્વની ઉજવણી..

ઉના તાલુકાના ભડીયાદર ગામે રામનવમી ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી જેમાં ભડીયાદર ગામના નાના બાળકોએ પણ ઉત્સવમાં ભાગ લીધો હતો જેમાં તમામ ગામના લોકો વડીલો નાની બાળાઓ તથા માતાઓ સાથે મળી ધૂન કીર્તન કરતા કરતા ભડીયાદર ગામની અંદર રામ જન્મ ઉત્સવની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી. સાથે સાથે રામ જન્મ ઉત્સવ નિમિત્તે ભડીયાદર ગામના રામજી મંદિરમાં બિરાજમાન ભગવાન શ્રી રામચંદ્રજી ને ૫૬ ભોગ ધરી અને મહા આરતીના આ ધાર્મિક પ્રસંગે ભાવિક ભક્તો મોટી સંખ્યામાં જોડાયા હતા.- અખંડ ભારત



# ભગવાન શ્રી રામ અને રામાયણ ગાથાનો મહિમા ટપાલ ટિકિટો દ્વારા દેશ અને વિદેશમાં ફેલાવવામાં આવી રહ્યો છે - પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ



ભગવાન શ્રી રામનો મહિમા ડાક ટિકિટો દ્વારા પણ દેશ અને દુનિયામાં ફેલાવવામાં આવી રહ્યો છે. ભારતની સાથે, વિશ્વના ૨૦ થી વધુ દેશોએ સમયાંતરે રામાયણ સાથે સંબંધિત પાત્રો અને વાર્તાઓ પર ડાક ટિકિટો બહાર પાડી છે. એટલે કે રામ રાજ્ય ડાક ટિકિટો પર પણ દેખાય છે.

ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર, અમદાવાદના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવે રામનવમી પર્વ નિમિત્તે જણાવ્યું હતું કે અયોધ્યામાં શ્રીરામલલાની પ્રાણ પ્રતિષ્ઠા પહેલાં, ભારતના માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૧૮ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ 'શ્રીરામ જન્મભૂમિ મંદિર'ને સમર્પિત ૬ વિશેષ સ્મારક ડાક ટિકિટો જાહેર કરી હતી. આ ટિકિટોમાં શ્રીરામ જન્મભૂમિ મંદિર સાથે ભગવાન ગણેશ, ભગવાન હનુમાન, જટાયુ, કેવટરાજ અને માતા શબરીના વિવિધ પ્રસંગોનો સમાવેશ થાય છે. સોનાના વર્કથી શોભિત અને ચંદનની સુગંધથી સુવાસિત આ ડાક ટિકિટોમાં સૂર્યવંશી શ્રીરામના પ્રતિકરૂપ સૂર્યની છબી તેમજ પવિત્ર સરયૂ નદીનાં દર્શન દર્શાવવામાં આવ્યા છે. સાથે સાથે "મંગલ ભવન અમંગલ હારી, દ્રવઉ સો દશરથ અજિર બિહારી" ચોપાઈના માધ્યમથી રાષ્ટ્રના કલ્યાણની અભિલાષા વ્યક્ત કરવામાં આવી છે. આ ડાક ટિકિટોના મુદ્રણમાં અયોધ્યાની પવિત્ર મિટ્ટી અને સરયૂ નદીનાં પવિત્ર જળનો ઉપયોગ કરીને તેને પંચ મહાભૂતોના તત્વોથી પણ જોડવામાં આવ્યા છે. આ વિશેષ ડાક ટિકિટો અમદાવાદ જી.પી.ઓ. ખાતે આવેલી ફિલેટેલી બ્યુરોમાં વેચાણ માટે ઉપલબ્ધ છે.પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવે વધુમાં જણાવ્યું કે, તેના અગાઉ પણ ડાક વિભાગ દ્વારા રામાયણના તમામ મહત્વપૂર્ણ પ્રસંગોને દર્શાવતા ૧૧ સ્મારક ડાક ટિકિટોના સેટ ૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ જાહેર કરવામાં આવ્યો હતો. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજી દ્વારા આ ડાક ટિકિટો વારાણસી સ્થિત તુલસી માનસ મંદિર ખાતે જાહેર કરવામાં આવી હતી. આ ડાક ટિકિટોમાં સીતાસ્વયંવર, રામ વનવાસ, ભરત મિલાપ, કેવટ પ્રસંગ, જટાયુ સંવાદ, શબરી સંવાદ, અશોક વાટિકા ખાતે હનુમાન-સીતાનો સંવાદ, રામસેતુ નિર્માણ, સંજીવની લઈ જતા હનુમાન, રાવણવધ અને ભગવાન રામના રાજ્યાભિષેક જેવી દર્શનીય ઘટનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ટિકિટોને નિહાળતાં એવું અનુભવે છે કે આખું રામરાજ્ય જ જાણે ડાક ટિકિટોમાં જીવંત થઈ ઊતરી આવ્યું હોય. ઉપરાંત, શ્રીરામ જન્મભૂમિ મંદિર, અયોધ્યાના ભૂમિપૂજન અને શિલાન્યાસ પ્રસંગને ઐતિહાસિક બનાવવાના ભાગરૂપે પણ, ૫ ઓગસ્ટ, ૨૦૨૦ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજી દ્વારા અયોધ્યામાં 'શ્રી રામ જન્મભૂમિ મંદિરના પ્રતિરૂપ' આધારિત કસ્ટમાઇઝ્ડ ડાક ટિકિટ જાહેર કરવામાં આવી હતી.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવે જણાવ્યું કે ડાક વિભાગ સતત લોકોથી તેમની વારસાતત્વ અને સંસ્કૃતિને જોડવા માટે વિવિધ ડાક ટિકિટો જારી કરે છે. આ ક્રમમાં 'શ્રીરામ જન્મભૂમિ મંદિર'થી લઈને રામાયણના વિવિધ પ્રસંગોને આધારે તૈયાર કરાયેલી અનેક ડાક ટિકિટો પણ સમાવિષ્ટ કરવામાં આવી છે, જેથી યુવાપેઢી ડાક ટિકિટોના માધ્યમથી પોતાની સંસ્કૃતિથી પરિચિત થઈ શકે. આ ડાક ટિકિટો પત્રો પર લાગીને વિદેશોમાં પણ જશે, જ્યાં રામાયણની ગાથાને વિશ્વભરમાં લોકો સુધી પહોંચાડવાનું કામ કરશે.

### ભારતીય જનતા પાર્ટીના ૪૬ માં સ્થાપના દિન નિમિતે

# શહેર ભાજપના કાર્યકર્તાઓએ તેમના નિવાસ સ્થાને ભાજપનો ધ્વજ ફરકાવીને આ ક્ષણને વધાવી



ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ભારતીય જનતા પાર્ટીના ૪૬ માં સ્થાપના દિન નિમિતે શહેર ભાજપના કાર્યકર્તાઓએ તેમના નિવાસ સ્થાને ભાજપનો ધ્વજ ફરકાવીને આ ક્ષણને વધાવી હતી. ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલના માર્ગદર્શન તેમજ પ્રદેશ ભાજપાની કાર્યસૂચિ અનુસાર ૬ થી ૧૨ એપ્રિલ દરમિયાન તબક્કાવાર આયોજન સાથે સ્વચ્છતા અભિયાન, બસ્તી ચલો અભિયાન, લાભાર્થી સંપર્ક, સામાજિક અગ્રણી સંપર્ક, સક્રિય સભ્ય સંમેલન સહિતના કાર્યક્રમો યોજાનાર છે.ભાજપા સ્થાપના દિને મહાનગર ભાજપા અધ્યક્ષશ્રી ઋચિર ભટ્ટ, ધારાસભ્ય રીટાબેન પટેલ, મેયર મીરાબેન પટેલ સહિત મહાનગરના તમામ ૧૧ વોર્ડમાં નિવાસ કરતા બુથ થી લઈને પ્રદેશ સુધીની જવાબદારી નિભાવતા કાર્યકર્તાઓએ પોતાના નિવાસસ્થાને ભાજપાનો ધ્વજ ફરકાવ્યો હતો અને વિકાસ અને સાંસ્કૃતિક રાષ્ટ્રવાદની રાજનીતિ થકી શૂન્ય માથી સર્જન કરી આજે મોટું વટવૃક્ષ બની ભારતીય જનતા પાર્ટી અનેક કાર્યકર્તાઓની અથાક મહેનત અને બલિદાનથી વિશ્વની સૌથી મોટી પાર્ટી બની છે ત્યારે પ્રત્યેક કાર્યકર્તાએ ગર્વની લાગણી સાથે આજના દિવસની ઉજવણી કરી હતી.



રામનવમી તા.૬-૪-૨૦૨૫ રવિવારે બપોરે ૩-૦૦ થી ૫-૩૦ દરમ્યાન ચૈત્ર નવરાત્રી નિમિત્તે ગાયત્રી ચાલીસાના બહેનોના સમૂહ અનુષ્ઠાનની પૂર્ણાહુતિ ગાયત્રીમહાયજ્ઞ દ્વારા અખિલવિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વારની પ્રેરણા આશીર્વાદ સંરક્ષણમાં વિશ્વ કલ્યાણાર્થે ગાયત્રી પરિવાર નારણપુરાની બહેનો દ્વારા નવ રાત્રી દરમ્યાન સમૂહમાં ગાયત્રી ચાલીસા પાઠ,ગાયત્રી મંત્ર,મહામૃત્યુંજ્ય મંત્ર,ભજન,આરતી,પ્રાર્થના સહિત નારણપુરાગામ ખાતે પહેલોવાસ કામિનીબહેન રાકેશભાઈ પટેલના રહેઠાણના સ્થાને કરવામાં આવી હતી જેનું સંચાલન ગાયત્રી પરિવારની બહેનો રંજનબેન પટેલ અને ભાવનાબેન પટેલે કર્યું હતું જેમાં મોટી સંખ્યામાં બહેનોએ ઉપસ્થિત રહી વૈદિક મંત્રોચ્ચારોમાં ગાયત્રી મંત્ર,મહામૃત્યુંજ્ય મંત્ર તથા અન્ય મંત્રોચ્ચાર દ્વારા વિશ્વ કલ્યાણ માટે આહુતિઓ શ્રધ્ધાપૂર્વક સમર્પિત કરી હતી ઉપસ્થિત સૌને સમૂહમાં લાડુ-ફૂલવડીના પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું

# કેરળ-આંધ્રપ્રદેશ સહિત ૮ રાજ્યોમાં વાવાઝોડા-વરસાદની શક્યતા : ગુજરાત, રાજસ્થાન અને હિમાચલમાં હીટવેવની ચેતવણી

આજે દેશના ઘણા ભાગોમાં હવામાન બદલાશે. ભારતીય હવામાન વિભાગ અનુસાર, રાજસ્થાન અને ગુજરાતમાં ગરમીની અસર ચાલુ રહેશે. આ ઉપરાંત મધ્યપ્રદેશ, દિલ્હી અને પંજાબ સહિત ૬ રાજ્યોના કેટલાક ભાગોમાં પણ ગરમી વધશે.

કેરળ, તમિલનાડુ, કર્ણાટક, આંધ્રપ્રદેશ, આસામ અને મેઘાલય સહિત ૮ રાજ્યોમાં વરસાદ અને ભારે પવન ફૂંકવાની શક્યતા છે. આ વિસ્તારોમાં ૪૦-૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે વાવાઝોડું આવી શકે છે અને વીજળી



પડવાની પણ શક્યતા છે.અહીં, રાજસ્થાનમાં ગરમી વધવા લાગી છે. બાડમેર જિલ્લામાં તાપમાનનો પારો ૪૩ ડિગ્રી સેલ્સિયસને પાર કરી ગયો. આગામી ૩-૪ દિવસમાં પારો ૪૫ ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા છે. મધ્યપ્રદેશમાં પણ, આવતીકાલથી રાજસ્થાન સાથે જોડાયેલા જિલ્લાઓમાં લુ ફુંકાશે. આવતીકાલથી રાજ્યમાં હીટવેવની ચેતવણી આપવામાં આવી છે.

૭ એપ્રિલ સુધી કેરળ, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, કર્ણાટક, આસામ, મેઘાલય અને આંદામાન-નિકોબારમાં વરસાદ અને ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. આંધ્ર અને ઉત્તરપૂર્વના કેટલાક ભાગોમાં કરા પણ પડી શકે છે.પશ્ચિમ મધ્યપ્રદેશ, ગુજરાત, રાજસ્થાન, દિલ્હી અને પંજાબના કેટલાક ભાગોમાં ૯ એપ્રિલ સુધી ગરમીનું મોજું ચાલુ રહી શકે છે. ૮ એપ્રિલથી જમ્મુ-કાશ્મીર, હિમાચલ અને ઉત્તરાખંડમાં વરસાદ અને ભારે પવન સાથે કરા પડવાની શક્યતા છે. સવારે દિલ્હીમાં લઘુત્તમ તાપમાન ૧૮.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય કરતાં લગભગ ૧.૫ ડિગ્રી ઓછું છે. સવારે ૮.૩૦ વાગ્યે ભેજનું પ્રમાણ ૪૩% નોંધાયું હતું. હવામાન વિભાગ અનુસાર, આજે રાજધાનીમાં મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે. આગામી બે દિવસ સુધી હીટવેવ રહેવાની ધારણા છે.

બાડમેર જિલ્લામાં તાપમાનનો પારો ૪૩ ડિગ્રી સેલ્સિયસને પાર કરી ગયો. હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી ત્રણ-ચાર દિવસમાં રાજ્યમાં ગરમી વધુ તીવ્ર બનશે અને તાપમાનનો પારો ૪૫ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચશે. આ સાથે, આજે બે જિલ્લામાં તીવ્ર ગરમીના મોજા માટે ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે.

# રામનવમીએ રામલલ્લાને સૂર્યતિલકઃ અભિજિત મુહૂર્તમાં ૪ મિનિટ સુધી લલાટ પર સૂર્યનાં કિરણો પડયાં

અયોધ્યામાં રામનવમીના દિવસે બપોરે બરાબર ૧૨ વાગ્યે રામલલ્લાનું સૂર્યતિલક થયું હતું. પ્રાણપ્રતિષ્ઠા પછી રામલલ્લાનું આ બીજું સૂર્યતિલક છે. અભિજિત મુહૂર્તમાં બપોરે ૧૨ વાગ્યે રામલલ્લાના સૂર્યતિલક દરમિયાન તેમના કપાળ પર ૪ મિનિટ સુધી કિરણો પડયાં.

રામલલ્લાનો જન્મ સૂર્યતિલક સાથે થયો હતો. મંદિરમાં આરતી કરવામાં આવી. સૂર્યતિલક પહેલાં રામલલાના દરવાજા થોડા સમય માટે બંધ કરવામાં આવ્યા હતા. સૂર્યતિલક સ્પષ્ટ રીતે જોઈ શકાય તે માટે ગર્ભગૃહની લાઇટો બંધ કરી દેવામાં આવી હતી.

સૂર્યતિલક માટે અષ્ટધાતુ પાઇપમાંથી એક સિસ્ટમ બનાવવામાં આવી છે. જેમાં ૪ લેન્સ અને ૪ અરીસાઓ દ્વારા ગર્ભગૃહમાં રામલલ્લાના માથા પર કિરણો પહોંચાડવામાં આવ્યાં હતાં.

# ખેડૂત નેતા ડલ્લેવાલે ૧૩૧ દિવસ બાદ ઉપવાસ સમેટ્યાઃમહાપંચાયત બોલાવીને જાહેરાત કરી

સંયુક્ત કિસાન મોરચા (બિન-રાજકીય) ના નેતા જગજીત સિંહ ડલ્લેવાલે ૧૩૧ દિવસ પછી તેમના આમરણાંત ઉપવાસ સમેટી લીધા છે. તેમણે રવિવારે ફતેહગઢ સાહિબના સરહિંદ અનાજ બજારમાં કિસાન મહાપંચાયતમાં આ જાહેરાત કરી. ગઈકાલે, કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ડલ્લેવાલને ભૂખ હડતાળ સમેટવાની અપીલ કરી હતી અને કહ્યું હતું કે તેઓ ૪ મેના રોજ ચંદીગઢમાં ખેડૂતો સાથે બેઠક કરશે.મહાપંચાયતમાં ડલ્લેવાલે કહ્યું, અરવિંદ કેજરીવાલને બચાવવા માટે, AAP સરકારે આંદોલન ખતમ કર્યું. ખેડૂતોની માંગ પર ભૂખ હડતાળ સમાપ્ત કરવામાં આવી. લાંબા સમયથી, ખેડૂતો તેમને ઉપવાસ તોડવા માટે અપીલ કરી રહ્યા હતા.ડલ્લેવાલે ૨૬ નવેમ્બર, ૨૦૨૪ના રોજ લઘુત્તમ ટેકાના ભાવ (MSP) અને અન્ય માંગણીઓ માટે ભૂખ હડતાળ શરૂ કરી. ૧૯ માર્ચે પંજાબ પોલીસે જગજીત સિંહ ડલ્લેવાલ, સર્વન સિંહ પંઢેર અને અન્ય ખેડૂતોની અટકાયત કરીને ખનૌરી અને શંભુ સરહદો ખાલી કરાવી હતી. પોલીસે ડલ્લેવાલને પટિયાલાની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. ૩ એપ્રિલના રોજ તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.૧. આંદોલન ચાલુ છે, ચાલુ રહેશે જગજીત સિંહ ડલ્લેવાલે કહ્યું, આ આંદોલન ચાલુ છે. અમે તેને ફરીથી શરૂ કરવાના નથી. ભવિષ્યમાં શું થશે તે અમને ખબર નથી. સંગત (ખેડૂતો) એ મને અપીલ કરી હતી, તેથી હું આમરણાંત ઉપવાસ સમાપ્ત કરી રહ્યો છું. કોઈ જૂથ સાથે કોઈ લડાઈ નથી. તે વિચારધારાનો પ્રશ્ન છે. અમે કેટલાક વિચારો પર એક છીએ. અમે કેટલાક મુદ્દાઓ પર અલગ છીએ.

# મધ્ય પ્રદેશની હૉસ્પિટલમાં મોટું કૌભાંડ? નકલી ડૉક્ટરે ૧૫ દર્દીના ઓપરેશન કર્યા, સાતના મોત

મધ્યપ્રદેશના દમોહમાં એક નકલી ડૉક્ટરે ૧૫ દર્દીના ઓપરેશન કર્યા હોવાનો તેમજ તેમાંથી સાત દર્દીના મોત થયા હોવાની રાષ્ટ્રીય માનવાધિકાર પંચમાં ફરિયાદ નોંધાઈ છે. મિશનરી સંસ્થાનની એક હોસ્પિટલના વ્યક્તિએ આક્ષેપ કર્યો છે કે, એક વ્યક્તિ નકલી કાર્ડિયોલોજિસ્ટ બનીને હોસ્પિટલમાં આવ્યો હતો અને તેણે અહીં ૧૫ દર્દીઓના ઓપરેશન કરી નાખ્યા છે.દામોહના રહેવાસી દીપક તિવારી નામના વ્યક્તિએ શહેરના એક હોસ્પિટલ પર આક્ષેપ કરીને કહ્યું કે, એક નકલી ડૉક્ટરે જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં હોસ્પિટલમાં આવેલા દર્દીઓના ઓપરેશન કરી નાખ્યા છે, જેમાંથી સાત લોકોના મોત થયા છે. તિવારીએ કહ્યું કે, હોસ્પિટલમાં એક વ્યક્તિ આવ્યો હતો અને તે પોતાને લંડનના કાર્ડિયોલોજિસ્ટ ડૉક્ટર એનજૌન કેમ કહેતો હતો. તેણે જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં ૧૫ દર્દીઓના હૃદયના ઓપરેશન કર્યા છે, જેમાંથી સાતના મોત થયા છે. ઘટના બાદ તપાસ કરાતા નકલી ડૉક્ટર એનજોન કેમ નહીં, પરંતુ નરેન્દ્ર વિક્રમાદિત્ય યાદવ છે.રાષ્ટ્રીય માનવાધિકા પંચને લખેલા પત્રમાં આક્ષેપ કરાયો છે કે, 'મિશન હોસ્પિટલના કાર્ડિયોલોજી વિભાગમાં સાત દર્દીઓના મૃત્યુ થયા છે

ન્યુઝ ઓફ ગાંધીનગર.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO 366**

વિષય: ચૈત્ર નવરાત્રી
શીર્ષક: નવદુર્ગામાં શકિત સ્વરૂપા
પ્રકાર: પદ્ય શબ્દ સંખ્યા: ૫૭

આદ્યશક્તિ માં નારાયણી
જગતજનની,ભવભય હારીણી

નવદુર્ગામાં નવચંડી ચામુંડા
તું છે ત્રિશુલ ધારીણી

સિંહ પર કરી અસવારી
માં તું છે મહિષાસુર મર્દીની

કાલરાત્રિ વરદાયિની
ચંડ મુંડ સંહારિણી

ભવદુ:ખ હરતી સબસુખ કરતી
ભકતોની કરતી રખવાળીમાં
તું છે દયાળી મૂરત મમતાળી

યોગી ઉમા 'શબ્દ સ્યાહી'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**: NOG SS NO.: 0101**

વિષય: ચૈત્ર નવરાત્રી
શીર્ષક : વ્રતનું ફળ
પ્રકાર: કથા શબ્દો: ૩૪૯

ચૈત્ર નવરાત્રિના નવ દિવસો જગદંબાનો મહામહિમ મહોત્સવ છે. નવ દિવસ આત્માની ઉર્જાના છે. ચૈત્ર નવરાત્રિના આ શક્તિપર્વમાં દરેક પ્રકારની આસક્તિનો ત્યાગ કરવો. મન-વચન-કાયાની પવિત્રતા જાળવી આધ્યાત્મિક ઉન્નતિ સાધવી.

આ પવિત્ર સમયમાં ભક્તો મા દુર્ગા અને તેનાં અનેક દિવ્ય રૂપોની ભક્તિમાં નવ દિવસના ઉપવાસ રાખે છે. આ તહેવાર બુરાઈ પર અચ્છાઈના વિજયનું પ્રતીક છે. મહિષાસુરમર્દીની મા દુર્ગાનું સ્મરણ કરાવે છે. યાદ અપાવે છે કે સત્ય અને ધર્મની હંમેશ જીત થાય છે. આ પ્રસંગે મા ની પ્રસન્નતાની કથાનું સ્મરણ કરીએ.

એક નગરમાં એક બ્રાહ્મણ રહેતો હતો તે મા દુર્ગાનો પરમ ભક્ત હતો. તેના પૂજા-યજ્ઞમાં તેની દીકરી સુમતિ પણ ભાગ લેતી હતી. એક દિવસ કોઈ સંજોગોવશાત તે પૂજામાં ભાગ ન લઈ શકી. તેથી તેના પિતાને ખૂબ ક્રોધ આવ્યો અને ક્રોધવશ તે બોલ્યો: "મારી દીકરીના વિવાહ હું દરિદ્ર અને કોઢરોગથી પીડાતી વ્યક્તિ સાથે કરીશ."

પિતાની આ વાત સાંભળી સુમતિ કન્યા ખૂબ દુ:ખી થઈ ગઈ પરંતુ તેણે પિતાની વાતનો સહર્ષ સ્વીકાર કરી લીધો. ભાગ્યમાં લખ્યું હોય તે જ થાય.

પિતાએ કન્યાનો વિવાહ દરિદ્ર કોઢગ્રસ્ત માણસ સાથે કરી દીધા. સુમતિ તેના પતિ સાથે વિવાહ કરી ચાલી ગઈ.

તેના પતિને કોઈ ઘર ન હતું. તેને વનમાં ઘાસની ચટાઈ પર બહુ દુ:ખ સાથે રાત વિતાવી પડી.

ગરીબ કન્યાની આ દશા જોઈ મા ભગવતી દુર્ગા તેના પુણ્ય પ્રતાપે પ્રગટ થઈ અને સુમતિને કહ્યું "હે કન્યા હું તારા પર પ્રસન્ન છું, હું તને વરદાન આપવા માગું છું, માંગ જે માંગવું હોય તે."

સુમતિએ મા ને પૂછ્યું "તમે મારી કઈ બાબતથી પ્રસન્ન છો?" ત્યારે જવાબમાં મા દુર્ગાએ કહ્યું તું પૂર્વ જન્મમાં ભીલની પતિવ્રતા સ્ત્રી હતી. તારા પતિ પરના ચોરીના આરોપસર રાજ્યના સિપાઈઓ તમને બંનેને પકડીને જેલખાનામાં કેદ કરી દીધાં હતાં. તને અને તારા પતિને ભોજન પણ ન આપ્યું. તે નવરાત્રિના નવ દિવસો સુધી તે ન કશું ખાધું ન પાણી પીધું. તે નવ દિવસના નવરાત્ર વ્રતનું ફલ તને પ્રાપ્ત થયું છે.

હે! બ્રાહ્મણ કન્યા, એ દિવસોમાં અજાણપણે જે વ્રત થયું તે વ્રતના પ્રભાવથી પ્રસન્ન થઈ હું આજે પ્રગટ થઈ છું. ત્યારે સુમતિએ કહ્યું "મારા પતિનો કોઢ અને દરિદ્ર દૂર કરી દો."

દુર્ગા મા એ તેની ઈચ્છા પૂરી કરી અને પતિનું શરીર મા ભગવતીની કૃપાથી રોગહીન તંદુરસ્ત થઈ ગયું. દુર્ગામા તેમને સમૃદ્ધ, નિરોગી જીવનના આશીર્વાદ આપી અંતર્ધ્યાન થઈ ગયા.

★ભરત સાંગાણી★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO: 382**

વિષય : " ચૈત્રી નવરાત્રી★
શીર્ષક- નવલે નોરતે ધબૂકિયાં રે ઢોલ ..
પ્રકાર : પદ્ય - શબ્દો : ૧૦૦
? પપપપપપપપ.

દિન ગુડી પડવે આનંદ, મારે આંગણે રે લોલ
ચૈત્રી નવરાત્રીનાં ઘટ સ્થાપન મંગલા રે લોલ

દીપ પૂજન ભાવે માડી લીલુડા જવારા રે લોલ
મા દેજો રૂડી આશિષ કરવા ઉપાસના રે લોલ

હવન અનુષ્ઠાન ષોડશોપચારનાં વધામણાં રે લોલ
માડી આવોને ગરબે રમવા સોહામણાં રે લોલ

દઈ દઈ તાળી આજ ગાઓને રાજ
નવ નવ દેવીઓનાં દર્શનની રાત

આવ્યાં આવ્યાં માનાં નોરતાં રે લોલ
નવલે નોરતે ધબૂકિયાં રે ઢોલ

શાલિવાહન શક સંવતે કુમકુમ સાથિયા રે લોલ
નવ દગાના ચરણે જાણ્યાં જગ સુખિયાં રે લોલ

રમેશ પટેલ(આકાશદીપ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO: 375**

વિષય : ચૈત્ર નવરાત્રી .
શીર્ષક : મા દુર્ગા
પ્રકાર : પદ્ય શબ્દો : ૫૪

પૂજે તને જગત આખું આધશક્તિ ,
આપે પ્રવીણ સમતા તુજ ભાવભક્તિ,
દૈત્યો પ્રયાસ કરતાં અકળાય પૃથ્વી,
દેવો સહાય પડકાર લઈ તું ગર્જી,
આક્રોશમાં ખુદ અંગારક થાય કાળી,
આઠે ભુજા રક્ષણમાં ઉપયોગ વાળી,
કર્યા તપો શિવ રૂપે ભરથાર કાજે,
રાખી હંમેશ ઉગ્રતા અપમાન દાઝે,
ભક્તો હિમાલય પુત્રી ભજતાં ન થાકે,
દુર્ગા તું સિધ્ધ કરતી સઘળાં સુભાગ્યો.

— જાગૃતિ દોશી, મોક્ષા
અમેરિકા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No:–335**

વિષય:– ચૈત્રી નવરાત્રી
શીર્ષક:–શક્તિની આરાધના
પ્રકાર:– ગદ્ય શબ્દો:–૧૫૦

ચૈત્રી નવરાત્રી એ હિન્દુઓનો ધાર્મિક તહેવાર છે. ચૈત્રી નવરાત્રી દરમિયાન માતાજીનાં ઉપાસકો, આરાધકો, સાધકો દેવીઓને પ્રસન્ન કરવા માટે વ્રત, જપ, તપ, હોમ, હવન કરતાં હોય છે. સાથે સાથે માતાજીનાં અલગ અલગ શૃંગાર કરીને પણ ધન્યતા અનુભવતા હોય છે. નવ નવ દિવસ સુધી માતાજીનાં ઉપાસકો ધૂપ અને અખંડ દીવડા પ્રગટાવીને ચોતરફ દિવ્ય ચૈતન્ય પ્રકાશ ફેલાવીને દેવીની આરાધના કરતાં હોય છે. શ્રદ્ધા અને અતૂટ વિશ્વાસથી ભક્તજનો નવ દિવસના અનુષ્ઠાન, ઉપવાસ, સાધના કરીને પોતાનાં અંતરાત્મામાં આધ્યાત્મિક ઊર્જાની પ્રાપ્તિ કરે છે. ચૈત્રી નવરાત્રીમાં અષ્ટમીના દિવસને પણ ખૂબ જ ખાસ માનવામાં આવે છે. અષ્ટમીના દિવસે ભક્તજનો હરખે અને ઉમંગે માતાજી માટે નૈવેદ્યનો પ્રસાદ બનાવી અને માતાજીને થાળ ધરાવી અને પછી સૌ પ્રસાદ ગ્રહણ કરે છે.આ દિવસે ભક્તજનો કુમારી કન્યાઓને દેવી શકિત સ્વરૂપે માનીને એમનું પૂજન અર્ચન કરે છે. ત્યારબાદ ભોજન કરાવી એ ગોરાણીઓને યથાશક્તિ પ્રમાણેની ભેટ (દાન) આપે છે. આ ઉપરાંત ચૈત્રી નવરાત્રી દરમિયાન ભજન, ગરબા, સ્તુતિ અને આરતીઓ કરીને પણ ધન્યતા અનુભવતા હોય છે.

??? બીના આહીર 'ધરતી ' ભાવનગર રાજપરા ખોડિયાર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG NO 0059**

વિષય ચૈત્રીનવરાત્રી
પ્રકાર હાઈકુ પાંચ

વંસંત ખીલી
ખીલીભકિત પ્યારે
રાતો છે ચૈત્રી

આપણા સૌની
ભાવ ભરી ભકિત
મા દે શકિત !

છે નવરાત્રી
આરાધના નુ પર્વ
સાધકો માટે

જય વિજય
યશોગાથા એટલે
આ નવરાત્રી

શકિત પૂજા
સાધના આરાધના
છે નવરાત્રી

લેખક જયકાન્ત
ઘેલાણી
'પ્યારે'

# અનંત અંબાણીની દ્વારકાધીશ મંદિર સુધીની પદયાત્રા સંપન્ન થતાં સ્વાગત સમારોહ યોજાયો







દેશના સૌથી ધનાઢ્ય પરિવારના સુપુત્ર અનંત અંબાણી ૨૯ માર્ચે તેમના નિવાસસ્થાન રિલાયન્સ ગ્રીન્સથી રાજાધિરાજ ભગવાન શ્રી દ્વારકાધીશ મંદિર સુધીની ૧૫૦ કિ.મી.ની પદયાત્રા રામનવમીના પાવન દિને સંપન્ન થઈ છે. આ પદયાત્રાને ઠેર-ઠેર દ્વારકા તેમજ આસપાસના વિસ્તારના રહેવાસીઓ દ્વારા હર્ષોલ્લાસપૂર્વક વધાવવામાં આવી હતી.

દ્વારકા ખાતેના સનાતન ધર્મના જગદગુરુ શંકરાચાર્યજીના શ્રી શારદામઠમાંથી બ્રહ્મચારી શ્રી નારાયણાનંદજીના નેતૃત્ત્વમાં દ્વારકાના તમામ જ્ઞાતિ-સમાજો, હોટેલ એસોસિયેશન, વેપારી મંડળો, સામાજિક સંસ્થાઓ તથા નગરશ્રેષ્ઠીઓએ એક બેઠક યોજીને પદયાત્રાના આગમન પૂર્વે શ્રી અનંત અંબાણીના ભવ્યાતિભવ્ય સ્વાગત સમારોહ નું આયોજન કરવામાં આવ્યું.

દ્વારકા ચરકલા રોડ થી શ્રી દ્વારકાધીશ મંદિર સુધી ની પદયાત્રા માં નીતા અંબાણી અને રાધીકા અંબાણી પણ જોડાયા હતા.

શ્રી અનંત અંબાણીએ પધ્યાત્રાના સમાપન પ્રસંગે પવિત્ર ગોમતીઘાટની મુલાકાત લઈને ગોમતીપૂજન કર્યું હતું. શ્રી દ્વારકાધીશ મંદિર દર્શન કરી પાદૂકાપૂજન અને ધ્વજા પુજન તથા શારદાપીઠ ખાતે શ્રી બ્રહ્મચારી નારાયણાનંદજીના આશીર્વચન મેળવ્યા હતા.આ પ્રસંગે જિલ્લા વહીવટીતંત્ર અને શ્રી દ્વારકાધીશ દેવસ્થાન સમિતિ દ્વારા તેઓનું અભિવાદન કરાયું હતું.

છેલ્લા ઘણા દિવસોથી ચાલી રહેલી શ્રી અનંત અંબાણીની પદયાત્રાની પૂર્ણાહૂતિને ઉજવવા દ્વારકાવાસીઓમાં અનેરો થનગનાટ જોવા મળ્યો હતો. એટલું જ નહીં, દૂરદૂરથી જગતમંદિરને નિહાળી શકાય તે માટે મંદિરને રોશનીથી ઝળહળતું કરવામાં આવ્યું હતું. મંદિર પરિસર ઉપરાંત ગર્ભગૃહની આકર્ષક અને સુગંધીદાર પૂષ્પો વડે નયનરમ્ય સજાવટ કરવામાં આવી હતી.

આ પદયાત્રાના વધામણા કરતા રબારી-માલધારી સમાજના લોકોએ કાળિયા ઠાકરના ભક્ત શ્રી અનંત અંબાણીનું પોતાના પારંપરિક અને સાંસ્કૃતિક વિધિવિધાનથી સ્વાગત કર્યું હતું. શ્રી અનંત અંબાણીના સ્વાગતમાં દૂરદૂરથી હાથી-ઘોડા લાવીને તેની અનેરી સજાવટ કરીને પદયાત્રાને શોભાયમાન કરવામાં આવી હતી. આ પ્રસંગે ૪૦૦થી ઋષિકુમારો તથા ૨૫૦થી વધુ ભૂદેવો વેદોક્ત મંત્રોચ્ચાર સાથે મંગલગાન કરતા મંદિર સુધી પદયાત્રામાં જોડાયા હતા. દ્વારકા નગરને જુદાજુદા ક્ષેત્રના કલાકારોએ પોતાની કલાના અદભુત પ્રદર્શન થકી શોભાવી હતી.આ પ્રસંગે અંબાણી પરિવાર દ્વારા દ્વારકાના સમસ્ત નગરજનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતા તમામ જ્ઞાતિના આશરે ૧૦ હજાર જેટલા પરિવારના ૧ લાખથી વધુ સભ્યોની પ્રસાદિ સેવા કરવામાં આવી હતી. આ ઉપરાંત રામનવમીના પવિત્ર દિવસે દ્વારકાધીશના દર્શને આવેલા તમામ

શ્રદ્ધાળુઓને અંબાણી પરિવાર તરફથી પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. જગતમંદિરના સ્વર્ગદ્વાર પર આવેલા અન્નક્ષેત્રમાં દિવસ દરમિયાન સતત અન્નસેવા ચાલુ રાખવામાં આવી હતી. એટલું જ નહીં, મંદિર પરિસરના આજુબાજુના તમામ વિસ્તારોમાં પણ દિવસ દરમિયાન પ્રસાદ સેવા અવિરત જારી રહી હતી.શારદાપીઠને નેતૃત્ત્વમાં સ્થાનિક વહીવટીતંત્ર, નગરપાલિકા અને મંદિર પ્રશાસનનો સયોગ, સમાજના તમામ વર્ગના તમામ લોકોનો સ્વયંભૂ ઉત્સાહ, ઉપસ્થિત સંતો-મહંતોના આશીર્વાદ અને આગેવાનોનીશુભેચ્છાએ અનંત અંબાણીની પદયાત્રાની પૂર્ણાહૂતિના આ પ્રસંગે સોનામાં સુગંધ ભેળવવાનું કાર્ય કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, પદયાત્રાની પૂર્ણાહૂતિ પૂર્વે શારદાપીઠના બ્રહ્મચારી શ્રી નારાયણાનંદજીએ દ્વારકાના તમામ જ્ઞાતિના આગેવાનોની એક બેઠક બોલાવીને શ્રી અનંત અંબાણીનું ઉષ્માભર્યું સ્વાગત કરવા અનુરોધ કર્યો હતો, જેને સહ શ્રેષ્ઠીઓએ ઉમંગભેર સ્વીકારી ઉત્સાહપૂર્વક અભૂતપૂર્વ સ્વાગત કાર્યક્રમ યોજ્યો હતો.

# અબોલ જીવો માટે પાણીના કુંડા અને ચણનું વિતરણ કરાયું



જીવદયાપ્રેમી ઉનાળા ની અસહ્ય કાળઝાળ ગરમી ની શરૂઆત થઈ ગઈ છે ત્યારે પ્રભુ પ્રસાદ સેવા ગ્રુપ-અમદાવાદ અને અનુમોદક દાતાશ્રી ભાવેશભાઈ છબીલદાસ હકાણી પરિવાર તરફથી તારીખ : ૦૬/૦૪/૨૦૨૫ રવિવારે (૧) સમ્યક જ્ઞાન શાળા નાં બાળકોને સોલા ઉપાશ્રયમાં તથા (૨) યશ આર્યન કોમ્પલેક્ષ , વિવેકાનંદ ચોક ચાર રસ્તા પાસે, અને (૩) ભુયંગદેવ ચાર રસ્તા પાસે, ચાર પાસે અમદાવાદ અને (૪) મેમનગર ઉપાશ્રયમાં લુક એન લર્ન નાં બાળકોને પણ કુંડા સેટ ની પ્રભાવના કરી હતી ખાતે ટોટલ ૬૫૦ સેટ પક્ષીઓ માટે પાણીનાં માટી નાં કુંડા અને ચણ નું ફ્રી વિતરણ કરવામાં આવેલું હતું આજનાં અનુમોદક દાતાશ્રી નો પ્રભુ પ્રસાદ સેવા ગ્રુપ-અમદાવાદ ખુબ ખુબ આભાર માને છે.

# ઉનાળાની કાળઝાળ ગરમીમાં અબોલ પશુ પક્ષીઓ માટે તકેદારી રાખવા અપિલ



**ગ્રીષ્મ લહેરમાં અબોલ પશુઓમાં જોવા મળતા લક્ષણો**
**-ગરમીથી પશુઓ ચૂસ્ત થઈ પડયા રહે છે. -શરીરમાં પાણીનું પ્રમાણ ઘટી જવાથી નાક સૂકું દેખાય.**

ગરમીની વધુ આડ અસર થાય તો, નબળાઈ આવી જાય છે, પશુંના શરીરમાં ધ્રુજારી આવે, મોઢામાંથી લાળ પડે અને બેભાન પણ થઈ શકે છે.ખોરાક ઓછો લે કે બંધ થઈ જાય.દૂધ ઉત્પાદન ઘટી જાય.

હાંફવા માડે અને વધુ આડ અસર થાય તો, જીભ બહાર કાઢીને ઝડપથી હાંફવા માડે.પશુઓના શરીરમાં ધ્રુજારી આવે, મોઢામાંથી લાળ પડે અને બેભાન પણ થઈ શકે છે.પક્ષીઓ સતત છાંયડો શોધે, ખુલ્લી ચાંચ રાખી હાંફ ચઢવી, પાણીના સ્ત્રોત નજીક લાંબા સુધી રહે, પાંખો ફેલાવીને રાખે જેવા લક્ષણો જોવા મળે છે.પશુ પક્ષીઓને ગ્રીષ્મ લહેર વખતે લેવાની થતી કાળજીઓ ગરમીના કલાકો એટલેકે સવારે ૧૧ વાગ્યાથી સાંજના ૪ વાગ્યા સુધી પશુઓને છાંયડાવાળી જગ્યાએ અને પૂરતી હવા ઉજાસ વાળી જગ્યાએ આરામ કરે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

બપોરના સમયે પશુઓ પર ઓછામાં ઓછો ત્રણ વાર બે-બે કલાકનના અંતરે પાણી છંટકાવ કરવો જોઈએ.પશુઓને પાણી પીવાના હવાડા સ્વચ્છ અને ઠંડા રહે તેવી વ્યવસ્થા કરાવી જોઈએ.

પશુઓના રહેઠાણના છત પર ડાંગરની પરાળથી ઢાંકવા જોઈએ. તેમજ છતનો ઉપરોનો ભાગ જો પાકા હોય, તો સફેદ કલરથી રંગાવો જોઈએ.પશુઓના આશ્રય સ્થાનોની આજુબાજુ વધુ વૃક્ષો વાવવા જોઈએ.

પશુઓને ગરમીના લક્ષણો દેખાય તો, ઠંડા છાંયડા વાળી જગ્યાએ સ્થળાંતરિત કરવા જોઈએ.

પશુઓને દિવસમાં ઓછામાં ઓછા એક વાર ઠંડા પાણીથી સ્નાન કરાવવું જોઈએ.પશુઓમાં ગરમીના લક્ષણો દેખાય તો, તુરંત જ નજીકના પશુ દવાખાનાનો સંપર્ક કરો જોઈએ.

# શામળાજી ખાતે ગાયત્રી શક્તિપીઠનો પ્રશિક્ષણ વર્ગ યોજાયો



અખિલ ભારતીય કિસાન સંઘની યોજના મુજબ અરવલ્લી જિલ્લાનો રાત્રિ નિવાસી પ્રશિક્ષણ વર્ગ ગાયત્રી શક્તિપીઠ શામળાજી ખાતે તા.૪,૫ એપ્રિલના રોજ યોજવામાં આવ્યો. તેમાં પ્રદેશ મહામંત્રી શ્રી આર કે પટેલ, પ્રદેશ ઉપ પ્રમુખ શામળભાઈ જે ચૌધરી, અરવલ્લી જીલ્લા પ્રભારી દિલિપસિહિંજી ગોહિલ,પ્રદેશ પ્રચાર પ્રસાર આયામ અમૃતભાઈ એચ પટેલ.પ્રદેશ કોષાધ્યક્ષ નરેન્દ્રભાઈ પટેલ,જીલ્લા પ્રમુખ અમૃતભાઈ પી.પટેલ,જીલ્લા મંત્રી દિલીપભાઈ પટેલ,જીલ્લા કોષાધ્યક્ષ પ્રેમજીભાઈ પટેલ,જીલ્લા કારોબારી સભ્યશ્રીઓ તેમજ ૬ તાલુકા કારોબારીના પ્રમુખ,મંત્રી તેમજ સભ્યશ્રી હાજર રહેલ.બે દિવસનો નિવાસી પ્રશિક્ષણ વર્ગ ચાર સત્ર માં યોજાયો.પ્રદેશ મહામંત્રી આર.કે.પટેલ,પ્રદેશ ઉપાધ્યક્ષ શામળભાઈ,પ્રદેશ પ્રચાર પ્રસાર આયામના અમૃતભાઈ પટેલ તેમજ અરવલ્લી જિલ્લા પ્રભારી દિલીપસિંહ ગોહિલ દ્વારા ઉદઘાટન સત્ર,ભા.કિ. સંઘની રિતી નીતિ,ભા.કિ.સંઘની કાર્ય પધ્ધતિ તેમજ ગ્રામ સમિતિના કાર્યો અને સમાપનમાં પંચ પરિવર્તનની વાત એમ ચાર સત્ર દ્વારા ઉપસ્થિત જિલ્લા કારોબારી તેમજ તાલુકા કારોબારીને પ્રશિક્ષણ આપી ગ્રામ સમિતિને મજબૂત બનાવવા માર્ગ દર્શન આપ્યું હતું.

## ટેકાના ભાવે ચણાના રજીસ્ટ્રેશન માટે સ્પષ્ટતા કરાઈ

કિશન બહેચા -જૂનાગઢ જિલ્લામાં ટેકાના ભાવે ખરીદીમાં ચણા રજીસ્ટ્રેશનમાં બ્લોક થયેલા જૂનાગઢ તાલુકાના માંડણપરા ગામના તાજેતરમાં વિવિધ મીડિયાના માધ્યમથી મળતા સમાચાર મુજબ ૩૦ ખેડુતો બ્લોક થયેલા હોય તેવી બાબત ધ્યાને આવેલ છે.જે સમાચાર અંગે જણાવવનું કે ખેતીવાડી ખાતામાંથી માંડણપરા ગામમાં ૨૪ ખેડુતોની બ્લોક થયાની યાદી ખરાઇ કરવા સારૂ ખેતીવાડી શાખા જુનાગઢને મળેલ છે. જેની ખરાઇ પ્રક્રીયા દરમીયાન ૨૨ ખેડુતો એ આધાર સહ વાંધા અરજી સબંધીત ગ્રામ સેવકને રજુ કરેલ છે, તેમજ બાકીના ૨ ખેડુતોને નોંધણીમાં બ્લોક થયા અંગેની જાણ છે પરંતુ તેઓ વાંધા અરજી આપવા માગતા નથી તેમ જણાવેલ છે. આમ માંડણપરા ગામની તમામ અરજીઓનો જુનાગઢ ખેતીવાડી શાખા દ્વારા નિકાલ કરવામાં આવેલ છે. તથા અન્ય ગામોથી મળેલ વાંધા અરજી નિકાલ કરવાની કાર્યવાહી ચાલુ છે એમ જૂનાગઢ જિલ્લા પંચાયત, જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યુ છે.અખંડ ભારત

## "યાત્રાધામ શામળાજીમાં ભગવાન શામળિયાને ૪.૨૫ કરોડનો સોનાનો મુઘટ અર્પણ કરાયો

અરવલ્લી જિલ્લામાં સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળિયા આવેલ છે અરવલ્લી જિલ્લાની ગિરિમાળામાં આવેલ આ યાત્રા ખાતે દૂરદૂર થી ભકતો દર્શનમાટે આવતા હોય છે. ભવ્ય કોતરણીથી બંધાયેલ મંદિરેનો અનેરો મહિમા રહેલો છે. અહીં અનેક ભક્તોની મનોકામના પૂર્ણ થાય છે. અને મંદિરનું અનેરું મહત્વ છે.ખાસ રામનવમી ના પાવન અવસર પ્રસંગે મંદિર ટ્રસ્ટ ધ્વારા શામળિયા ભગવાનને સોનાનો મુઘટ અર્પણ



કરવામાં આવ્યો હતો જેમાં મળતી માહિતી અનુસાર ૪.૨૫ કરોડ કિંમતનો ૩ કિલોગ્રામ સોનાનો મુઘટ અર્પણ કરવામાં આવ્યો આ મુઘટ મંદિર ટ્રસ્ટ દ્વારા ભક્તોએ આપેલ સુવર્ણ દાનમાંથી બનાવામાં આવ્યો હતો સુવર્ણ મુઘટનું કામ શ્રી હરિ ક્રિએશન અમદાવાદના કારીગરોએ કર્યું હતું જેમાં ૧૦ થી વધુ કારીગરો દ્વારા ૩ માસ જેટલા સમયમાં મુઘટ તૈયાર કર્યો હતો શામળાજી મંદિરમાં શામળિયા ભગવાનને પ્રથમ વખત આટલો મોંઘો હીરા જડિત મુઘટ અર્પણ કરાયો છે ઉપરાંત મુઘટમાં ૭૦૦ ગ્રામ હીરાજડિત રત્નોમાં નવરત્ન સ્ટોન,લેબગ્રોન રત્નનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. મુઘટ તૈયાર કરવા માટે ઉકિલો સોનુ અને ૭૦૦ ગ્રામ ડાયમંડનો ઉપયોગ કરાવવામાં આવ્યો હતો જેમાં કુંડલ અને મોરપીંછ કલગી સાથે આ મુઘટ તૈયાર કરેલ મુઘટ તૈયાર કરવા માટે ૪૫ લાખ જેટલી મજૂરી થાય છે જે સ્નેહલ સોની પરિવાર ધ્વારા મજૂરી લેવામાં આવી ન હતી અને મજૂરી પેટે દાન શામળિયા ને અર્પણ કર્યું હતું.જયપુર સહિત અનેક રાજ્યમાંથી સારા ડાયમંડ મંગાવવામાં આવ્યા હતા. બનાવેલ સુવર્ણ મુઘટમાં વચ્ચે વિષ્ણુ ભગવાનનું કમળ બનાવવામા આવ્યું છે મુઘટ ૯ રત્નોથી તૈયાર કરાયો હતો

## ઝઘડીયામાં છાશનું વિતરણ કરાયું



ઝઘડિયા ચોકડી ખાતે યંગ લાઈન ગ્રુપ દ્વારા ઉનાળાની કાળજાળ ગરમીના માહોલમાં પ્રજાજનોને રાહત મળે ઉપરાંત આજના પવિત્ર રામનવમીનિમિત્તે ઠંડી છાશનું વિતરણ વિના મુલ્યે કરવામાં આવ્યું હતું.આ સેવા કાર્યમાં ગામના યુવાનો ભેગા મળી ઉત્સાહભેર લોકોને રામ નવમીની શુભેચ્છાઓ પાઠવી અને યંગ લાઈન ગ્રુપના પ્રમુખ કરન્સી પરમાર તેમની ટીમે આ સેવાકાર્યમાં સિંહ ફાળો આપ્યો હતો.

## જૂનાગઢમાં રામનવમી પર્વની ઉજવણી

વશ્વ હિન્દુ પરિષદ દ્વારા સમગ્ર ભારતભરમાં તારીખ ૩૦ માર્ચ ૨૦૨૫ થી ૧૨ એપ્રિલ ૨૦૨૫ સુધી શ્રી રામ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે.અયોધ્યાની પવિત્ર ભૂમિ પર શ્રી રામ બિરાજમાન થયા છે, તેમ દરેક જનમાનસમાં પણ ભગવાન રામ બિરાજિત થાય એ ઉદ્દેશને ધ્યાનમાં રાખી વિહિપ દ્વારા રામ મહોત્સવ યોજાઈ રહ્યો છે.ભગવાન રામનું જીવન જેમ પરિવાર અને સામાજિક સમરસતાને સમર્પિત રહ્યું છે, તેમ દરેક વ્યક્તિનું જીવન પણ સમરસતા અને શાંતિથી ચાલે એ પ્રકારની ભાવના આ કાર્યક્રમો પાછળ રહેલી છે.વિશ્વ હિન્દુ પરિષદ જૂનાગઢ મહાનગર દ્વારા પણ તા. ૩૦ માર્ચથી ૧૨ એપ્રિલ સુધી રામ મહોત્સવ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જૂનાગઢ મહાનગરના મંત્રી શ્રી જયેશભાઈ ખેસવાણી જણાવ્યું છે કે, અત્યાર સુધી મહાનગરમાં કુલ નવ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયેલા છે અને હજુ પણ જુદા જુદા વિસ્તારોમાં પાંચ કાર્યક્રમ યોજાનાર છે.આ તમામ કાર્યક્રમોમાં વિહિપના કાર્યકર્તાઓ સ્નેહપૂર્વક પોતાનો સમય આપી ને સેવા આપી રહ્યા છે.

## મોડાસા ખાતે પોલીયો ડ્રોપનો કાર્યક્રમ યોજાયો

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે આવેલ ઉમિયા મંદિરમાં વિશ્વ હિન્દુ પરીષદ દ્વારા પોલિયો ડ્રોપનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો તેમાં વધુમાં વધુ બાળકોને ડ્રોપ આપવામાં આવ્યા હતા .

# ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહના વરદ હસ્તે તેમજ રાજ્યના માન.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં IFFCO, કલોલ એકમના સુવર્ણ જયંતી સમારોહ તેમજ બીજ સંશોધન કેન્દ્રની સ્થાપના કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર લોકસભા ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે, આજે ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહના વરદ હસ્તે તેમજ રાજ્યના માન.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં IFFCO, કલોલ એકમના સુવર્ણ જયંતી સમારોહ તેમજ બીજ સંશોધન કેન્દ્રની સ્થાપના કાર્યક્રમ યોજાઇ ગયો હતો.

શ્રી અમિતભાઈ શાહે સંબોધન કરતા જણાવ્યું કે, આજે ખૂબ શુભ દિન છે. આજે ચૈત્ર નવરાત્રિની નવમી પણ છે, રામનવમી પણ છે અને ભારતીય જનતા પાર્ટીનો સ્થાપના દિવસ પણ છે. આ ત્રણેય સુભગ સંયોગ આજના દિવસે છે અને આ જ દિવસે ઈફકોના કલોલ પ્લાન્ટની સુવર્ણ જયંતી અને આજે કલોલ પ્લાન્ટમાં બીજ અનુસંધાન કેન્દ્રનું ભૂમિપૂજન પણ થયું છે. ઈફકોની ૫૦ વર્ષની ગૌરવશાળી યાત્રાએ ભારત જ નહીં બલ્કે સમગ્ર વિશ્વમાં કો-ઓપરેટીવ અને





કોર્પોરેટ બંને સંસ્કાર ભેગા થઈને કામ કરે તો કેટલું અદભુત પરિણામ આવે એવું અકલ્પનીય ઉદાહરણ બેસાડવાનું કામ કર્યું છે. ઈફકોની ભાવના ખેડૂતોને મદદ કરવાની અને રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ હોય, માર્કેટિંગ હોય, બ્રાન્ડિંગ હોય, કે ઘર ઘર સુધી પહોંચ બનાવવાની હોય કોઈપણ કોર્પોરેટ કંપનીને શરમાવે તેવી કુશળતા ઈફકો બતાવી છે. આજે ભારત ખાદ્યના ક્ષેત્રમાં આત્મનિર્ભર છે તેમાં ઈફકોની ખૂબ મહત્વપૂર્ણ ભૂમિકા રહેલી છે. આ સંસ્થાએ ખેડૂતોને ફર્ટિલાઈઝર સાથે જોડ્યા અને ફર્ટિલાઈઝરને કો ઓપરેટિવ સાથે જોડવાનું કાર્ય ઈફકો એ કર્યું છે અને આજે તેના કારણે ૫૦ વર્ષની ગૌરવપૂર્ણ યાત્રા પૂર્ણ કરી ઈફકો ગૌરવમય છે. ઈફકોની શતાબ્દી ઉજવાશે ત્યારે વિશ્વભરની સહકારી સંસ્થાઓમાં ઈફકોનો ડંકો આજની જેમ જ વાગતો હશે તેવી વિશ્વાસ શ્રી શાહે વ્યક્ત કર્યો હતો.

શ્રી શાહે વધુમાં જણાવ્યું કે, કલોલમાં જ્યારે ઈફકોનો પ્લાન્ટ ૫૦ વર્ષ પહેલા સ્થપાયો ત્યારે એ જમાનામાં એક મોટી ક્રાંતિ ગણાતી હતી. નેનો યુરિયા, નેનો DAP, નેનો લિક્વિડ યુરિયા, લિક્વિડ DAP તેના માટે રિસર્ચ કર્યા, પ્રયોગો કરી અને સિદ્ધિ મેળવી અને જયારે ઉત્પાદનમાં તબદીલ કરવાની વાત આવી ત્યારે સમગ્ર ભારતમાં ઈફકો નંબર વન રહ્યું છે. અવસ્થીજીની દુરંદેશી અને સાતત્યપૂર્ણ ફોલોઅપના કારણે આજે ઈફકો નેનો યુરિયા અને ઈફકો નેનો DAP એ સમગ્ર વિશ્વની અંદર ભારતના કો ઓપરેટિવ ક્ષેત્રની ગૌરવપૂર્ણ છાપ મૂકી છે. ઈફકોએ ક્ષમતા પણ વધારી, ખેડૂતના ખેતર સુધી પહોંચ પણ વધારી અને RND કરી આધુનિકતાને લેબોરેટરીના પ્રયોગોને લેન્ડ સુધી પહોંચાડવાનું કામ પણ ઈફકો કર્યું છે. આપણે સૌ કો-ઓપરેટિવ સાથે જોડાયેલા કાર્યકર્તાઓ છીએ. ૭૫ વર્ષથી સહકારિતા મંત્રાલય સ્વતંત્ર બનવું જોઈએ દેશની ખૂબ મોટી કો ઓપરેટિવ મૂવમેન્ટ નધણીયાતી પડી હતી તેને સ્ટ્રક્ચર કરવાનું, એનું પોષણ કરવાનો અને કોર્પોરેટના જમાનામાં કો ઑપરેટિવને અન્યાય થતો હતો તેની સામે અવાજ ઉઠાવી અન્યાય સમાપ્ત કરવો મંત્રાલય ના હોય ત્યાં સુધી સંભવ જ ન હતું. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વતંત્ર સહકાર મંત્રાલય સ્થાપવાનો નિર્ણય કર્યો અને આ નિર્ણયની સાથે એક પછી એક લગભગ ૬૨ અભૂતપૂર્વ મહત્વપૂર્ણ પગલાં લઈ અને હમણાં જ ત્રિભુવન સહકારી યુનિવર્સિટી સ્થાપી. કોંગ્રેસે પોતાના સ્વભાવ પ્રમાણે વિરોધ કર્યો કે ત્રિભુવન કાકાનું નામ કેમ રાખવામાં આવ્યું ત્યારે સંસદમાં પણ કહ્યું હતું કે, ત્રિભુવન કાકા આખી જિંદગી કોંગ્રેસી રહ્યા ને તમે કોંગ્રેસીઓ વિરોધ કરો છો તમને શરમ આવવી જોઈએ ત્યારે એમને ખબર જ નહોતી કે ત્રિભુવન કાકા કોંગ્રેસના નેતા હતા. પરંતુ નરેન્દ્રભાઈ કોણ કૉંગ્રેસ, કોણ ભાજપ એની જગ્યાએ કોનું કેટલું યોગદાન તે જોઈ આ દેશ ચલાવવાવાળા નેતા છે. અમૂલનું બીજ આજે વટવૃષ બનીને સમગ્ર વિશ્વમાં નામ છે તેવી એક સંસ્થા બનાવી અને એમના નામે આ કો ઓપરેટિવ યુનિવર્સિટી બનાવી. આ યુનિવર્સિટી પેક્સથી લઈ એપેક્ષ સુધી સહકારિતાના દરેક ક્ષેત્રમાં આધુનિક શિક્ષણ કો ઑપરેટિવનું શિક્ષણ અને પારદર્શિતા લાવવાનું કાર્ય કર્યું છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.